# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તા: ૦૨/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# દુબઇ ખાતે યોજાનારા ચેમ્બરના 'ઇન્ડિયન ટેકસટાઇલ એક્સ્પો'ને દુબઇના ટેકસમાસ દ્વારા ટેકો જાહેર કરાયો

## દુબઇ ટેકસમાસના ૭૦૦ થી વધુ સભ્યો ચેમ્બરના એક્ષ્પોની મુલાકાત લેશે, એકઝીબીટર્સને મોટા ઓર્ડર તથા વિશ્વવ્યાપી માર્કેટ મળી રહેવાની સંભાવના

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા અને ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન એન્ડ ઇન્ટરનેશનલ બિઝનેસ ડેલીગેશન કમિટીના ચેરમેન હર્ષલ ભગતે બુધવાર, તા. ૨ માર્ચ, ૨૦૨૨ ના રોજ દુબઇ ખાતે દુબઇના ટેકસટાઇલ ટ્રેડર્સનું એસોસીએશન ટેકસટાઇલ મર્ચન્ટ્સ ગૃપ (ટેકસમાસ)ના વાઇસ ચેરમેન જગદીશ અમરનાની સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.

ટેકસમાસ એ દુબઇના ટેકસટાઇલ ટ્રેડર્સ દ્વારા બનાવવામાં આવેલી એપેક્સ બોડી છે અને એના સભ્યો દ્વારા વિશ્વના ૯૦ જેટલા દેશોમાં એકસપોર્ટ કરવામાં આવે છે. એટલે જ કહેવાય છે કે, દુબઈ એ વૈશ્વિક વેપારનો દરવાજો (Gateway of the World) છે. ચેમ્બર દ્વારા દુબઇ ખાતે યોજાઇ રહેલા 'ઇન્ડિયન ટેકસટાઇલ એક્સ્પો'ને દુબઇના ટેકસમાસ દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે. દુબઇ ટેકસમાસના પોતાના ૭૦૦ થી વધુ સભ્યો દ્વારા ચેમ્બરના આ એક્સ્પોની મુલાકાત લેવામાં આવશે.

દુબઇ ટેકસમાસનો સહકાર મળવાથી ચેમ્બરના 'ઇન્ડિયન ટેકસટાઇલ એક્સ્પો'માં ભાગ લેનારા એકઝીબીટર્સને મોટા ઓર્ડર તથા વિશ્વવ્યાપી માર્કેટ મળી રહેવાની સંભાવના છે. અત્રે નોંધનીય છે કે, ચેમ્બર દ્વારા આગામી તા. ૧૧, ૧૨ અને ૧૩ માર્ચ ૨૦૨૨ ના રોજ દુબઇ ખાતે ત્રિદિવસીય 'ઇન્ડિયન ટેકસટાઇલ એક્સ્પો'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુરતના ટેકસટાઇલ ઉદ્યોગકારો દ્વારા ભાગ લેવામાં આવ્યો છે.